ચાણક્ય ગ્રુપનું કડક અભિગમવાળું દૈનિક

# ધી ન્યુઝલાઇન

વર્ષ : ૨૩ અંક ૧૪૩ તારીખ ૧૬-૦૨-૨૦૧૭ પાનાં : ૪ માલિક : જયની પબ્લીશર્સ તંત્રી : શ્રી રણછોડ એન. શાહ સહ તંત્રી : રાધિકા ગંજવાલા







## **યસ બેન્ક**ના શેરમાં અત્યારના ભાવે આકર્ષણ

ખૂબ સુંદર ફંડામેન્ટલ ધરાવતી **યસ બેન્ક**ના શેરમાં અત્યારના ભાવે આકર્ષણ ઝડપથી વધતું જાય છે અને પ્રાઈવેટ સેક્ટરની આ બેન્કે છેલ્લાં થોડાં વર્ષોમાં તેના ધિરાણો અને બોટમલાઈનમાં સુંદર ઉછાળો હાંસલ કર્યો છે તે જોતાં આગામી દિવસોમાં આ શેરમાં પૈસા મળવાની ગણતરી છે.

શોર્ટટર્મ ખેલાડીઓનું ફોકસ અત્યારે **બજાજ ફિનસર્વ**ના શેર ઉપર શિફ્ટ થઈ ગયું છે. આ કંપની બજાજ ફિનાન્સની હોલ્ડિંગ કંપની છે અને સાથે સાથે બજાજ ગ્રૂપના ઈન્સ્યોરન્સ બિઝનેસનું પણ હોલ્ડિંગ આ કંપની પાસે જ છે અને તેથી આગામી દિવસોમાં ઈન્સ્યોરન્સ પેટા કંપનીના લિસ્ટીંગની ગણતરીએ આ શેરમાં આકર્ષણ વધ્યું છે. અત્યારે રૂ. ૩૬૩૭ ઉપર આવી ગયેલા આ શેરમાં શોર્ટટર્મમાં જ રૂ. ૧૦૦ની નોટ મળે અને રૂ. ૩૭૩૭નો ભાવ જોવા મળે તેવી ગણતરી છે.

શોર્ટટર્મ ખેલાડીઓનું આકર્ષણ **ઓરેકલ ફિનાન્સિયલ** ઉપર શિફ્ટ થઈ ગયું છે. ઓરેકલ ફિનાન્સિયલ અત્યારે રૂ. ૩૬૫૭ ઉપર છે અને આવતાં થોડાં દિવસોમાં જ તેમાં રૂ. ૩૮૦૦ના ભાવની ગણતરી અને ધીરે ધીરે રૂ. ૪૦૦૦ના ભાવની સંભાવના પણ ખૂબ મજબૂત.

સિમેન્ટની માંગ ઝડપથી વધતી જાય છે અને તેને કારણે ૫૦ ટકા માર્કેટ હિસ્સો ધરાવતી **અલ્ટ્રાટેક સિમેન્ટ**ને ખૂબજ મોટો ફાયદો મળશે. અત્યારે રૂ. ૩૭૬૭ ઉપરના અલ્ટ્રાટેકમાં રોકાણ જાળવી રખાય અને આવતાં થોડાં દિવસોમાં જ ધીરે ધીરે વધીને રૂ. ૩૮૬૮ અને તે પછી રૂ. ૪૦૦૦નો ભાવ જોવા મળવાની ગણતરી.

### **યુનાઈટેડ સ્પીરીટ**ના શેરમાં જોરદાર આકર્ષણ છે

**યુનાઈટેડ સ્પીરીટ**ના શેરમાં જોરદાર આકર્ષણ છે. ગુજરાત પછી બિહારમાં પણ દારૂબંધી લાદવામાં આવી, પરંતુ આગામી દિવસોમાં યુનાઈટેડ સ્પીરીટ વિદેશી દારૂની જોરદાર બ્રાંડો ભારતમાં લોન્ચ કરશે અને તે પાછળ ભલભલા સાત્વિક માણસો પણ દારૂ પીતા થઈ જાય તો નવાઈ નહીં લાગે. નફાશક્તિમાં પણ જોરદાર સુધારો. અત્યારના રૂ. ૨૩૪૫ના ભાવે થોડાંક શેરો લઈને મૂકી દેજો અને આવતાં થોડાં દિવસોમાં સૌથી પહેલાં રૂ. ૨૪૪૫ અને તે પછી ધીરે ધીરે રૂ. ૨૫૫૫ના ભાવની ગણતરી છે.

૫૫૫નો આંકડો યાદ આવ્યો એટલે તેની સાથે સાથે **આઈટીસી**નો શેર પણ યાદ આવી ગયો છે. ભારતમાં હજી પણ ૫૫૫ સિગારેટની જોરદાર ફેન્સી છે અને આ વખતે આઈટીસી ઉપર નવો કોઈ જ બોજો ના આવતાં અને પતંજલિ સિગારેટના ધંધામાં દાખલ થાય તેવી કોઈ સંભાવના ન હોવાથી રૂ. ૨૭૦વાળા આઈટીસીના શેરમાં ફોકસ કરી શકાય અને આ વખતે ૨થી ૩ મહિનાના એંગલથી શેર લેનારને ખૂબ સુંદર નફો મળી શકશે.

મિડકેપ શેરોની વાત કરીએ ત્યારે **નિલકમલ ઈન્ડસ્ટ્રી**ના રૂ. ૧૬૯૬વાળા શેર ઉપર પણ ફોકસ કરી શકાય. પ્લાસ્ટિક ફર્નિચરના બિઝનેસમાં આ કંપનીની માસ્ટરી છે અને અત્યારે ક્રૂડના ભાવ નીચા હોવાથી નિલકમલના કાચા માલનો ભાવ ઘટ્યો છે અને માંગ સુંદર છે. શોર્ટટર્મમાં જ આ શેરમાં રૂ. ૧૦૦ની નોટ મળી જવાની ગણતરી.

**દાલમિયા ભારત સિમેન્ટ** અત્યારે રૂ. ૧૯૬૦ ઉપર છે અને સિમેન્ટની માંગમાં જોરદાર મજબૂતીને કારણે આ શેરમાં રૂ. ૨૨૦૦ના ભાવની સંભાવના ખૂબજ મજબૂત.

ભારત સરકારની **ભારત અર્થમૂવર** અલગ અલગ પ્રકારના અર્થમૂવિંગ ઈક્વિપમેન્ટ બનાવે છે અને ઈન્ફ્રાસ્ટ્રકચર સેક્ટર મજબૂત થાય તો સ્વાભાવિક છે કે અર્થમૂવિંગ ઈક્વિપમેન્ટની માંગ વધે. મેટ્રો રેલ્વે માટેના એન્જિનો પણ આ કંપની બનાવે છે અને તેની માંગ પણ વધતી જાય છે. રૂ. ૧૨૮૭ના ભાવે વધારે નહીં તો ૫ શેર લઈને મૂકી દેવાય અને આવતાં થોડાં દિવસોમાં જ આ શેરમાં રૂ. ૧૦૦ની નોટ મળવાની જગ્યા છે.

**પીએનબી હાઉસિંગ**નો શેર અત્યારે રૂ. ૧૦૯૨ ઉપર આવ્યો છે. પબ્લીક ઈશ્યૂ પછી આ શેરે રોકાણકારોને જોરદાર કમાણી આપી દીધી અને અત્યારના ભાવે હજી થોડો વખત રોકાણ જાળવી શકાય. બીજા રૂ. ૫૦ના ઉછાળાની જગ્યા બાકી છે.

લાલભાઈ ગ્રૂપની **અતુલ**માં ફરી એક વખત સટ્ટો ખેંચવાના પ્રયત્નો ચાલુ થઈ ગયા છે અને રૂ. ૨૩૦૩ના ભાવના આ શેરમાં વોલ્યુમ ખૂબ નાનું છે એટલે સટ્ટો આગળ વધશે કે કેમ તે પ્રશ્ન છે અને તેથી સંભાળીને કામ કરવું જરૂરી.

ચિકનના બજારમાં ખૂબજ મજબૂત બ્રાંડ **વેંકીસ**ના રૂ. ૭૯૨ વાળા શેરમાં પ્રોફીટ બુકીંગ શરૂ કરતા જજો. ગમે ત્યારે બર્ડ ફ્લૂની વાત આવે અને ચિકનોનો ખાતમો થઈ જાય અને સાથે સાથે આ શેરના ભાવમાં પણ કડાકો બોલાઈ જાય તો નવાઈ નહીં લાગે. તેવી જ રીતે રૂ. ૮૬૬ પહોંચી ગયેલા **સીઈએસઈ**માં પણ યોગ્ય સમયે નફો ઘરમાં લાવવો સલાહભરેલ. વધવા કરતાં ઘટવાની જગ્યા હવે વધારે છે. આ શેર વેચીને **બજાજ ફિનાન્સ**નો રૂ. ૧૦૫૬વાળો શેર વધારે નફો આપી જશે અને તેથી રૂ. ૧૦૫૬વાળા શેરમાં શિફ્ટ થઈ જવાય અને આગામી દિવસોમાં આ શેરમાં રૂ. ૧૦૦ની નોટ મળવાની ગણતરી છે.

ફુદ્દા શેરની વાત કરીએ તો રૂ. ૧૪-૧૫ના ભાવે મળી રહેલા **પેટસ્પિન**ના શેરમાં ફોકસ કરી દેવાય. ટેક્સટાઈલ સ્પીનીંગના બિઝનેસમાં આ કંપની વર્ષો જૂની છે અને તેથી અત્યારના રૂ. ૧૪-૧૫ના ભાવે વધારે નહીં તો ૨૦૦ શેરનું રોકાણ કરી શકાય અને આગામી દિવસોમાં આ શેરમાં સુંદર નફો મળવાની ગણતરી.

**હિંદુસ્તાન મોટર્સ** હવે વિદેશી કંપની પીજો હસ્તક આવી ગઈ. રૂ. ૧૧.૯૦વાળા આ શેરને પણ ખેલાડીઓ ઝડપથી ઉંચકી દે તેવા સંકેત મળી રહ્યા છે. વધારે નહીં તો ૧૦૦-૨૦૦ શેરનું જોખમ લઈ શકાય અને ઉપરમાં રૂ. ૧૪-૧૫ના ભાવની સંભાવના મજબૂત છે.

ચાના બગીચા ધરાવતી **વિલિયમસન્સ મેગોર**ના શેરમાં પણ આકર્ષણ વધ્યું છે. અત્યારે રૂ. ૭૦વાળા આ શેરમાં આવતાં દિવસોમાં રૂ. ૮૦ના ભાવની ગણતરી છે.

**પનામા પેટ્રો**નો શેર રૂ. ૧૨૪ના ભાવે લઈને મૂકી દેજો અને આવતાં થોડાં દિવસોમાં આ શેરમાં રૂ. ૧૪૦-૧૫૦નો ભાવ આવી જવાની ગણતરી. કાચો માલ સસ્તો થયો છે તેનો જોરદાર ફાયદો નફાશક્તિ ઉપર દેખાશે.

ટ્રાવેલ સેક્ટર સાથે સંકળાયેલી **ટીસીઆઈ ફિનાન્સ**નો બિઝનેસ પણ વધ્યો છે. અત્યારે રૂ. ૨૭.૭૦ ઉપર છે અને આવતાં થોડાં દિવસોમાં રૂ. ૩૨ના ભાવની સંભાવના મજબૂત છે.

પવનચક્કી બનાવતી **સુઝલોન**નો શેર ધીરે ધીરે ઉંચકાઈ રહ્યો છે. સનફાર્માવાળે દિલીપ સંઘવીએ રૂ. ૧૮૦૦ કરોડ રોક્યા છે એટલે તેનો ફાયદો તો મળવાનો જ. પરંતુ સુધારાની ચાલ ખૂબ ધીમી છે. રૂ. ૧૮વાળા આ શેરમાં આવતાં અઠવાડિયામાં રૂ. ૨૨નો ભાવ જોવા મળવાની ગણતરી. રોકાણ જાળવી રાખજો.

**તામિલનાડુ પેટ્રો પ્રોડક્ટ** રૂ. ૩૨ના ભાવે ધ્યાનમાં રખાય. આ કંપનીમાં નફાશક્તિ સતત વધતી જાય છે. આવતાં થોડાં દિવસોમાં રૂ. ૩૫-૩૬નો ભાવ જોવા મળવાની ગણતરી.

સિક્યોરીટી કેમેરા બનાવતી **ઝીકોમ** રૂ. ૪૬-૪૭ના ભાવે ધ્યાનમાં રાખજો. વડાપ્રધાનને લોકોના બાથરૂમમાં ડોકિયાં કરવાની ટેવ હોવાનું વિરોધ પક્ષો કહે છે. કેમેરાની માંગ હવે વધતી જવાની અને ઝીકોમનો બિઝનેસ પણ વધવાનો. થોડાંક શેરો લઈને મૂકી દેવાય અને આવતાં થોડાં દિવસોમાં રૂ. ૫૫નો ભાવ આવે અને તમને એકાદ કેમેરો મફતમાં પડી જાય તેવી ગણતરી છે.

પત્નિને ઘણાં સમયથી ફિલ્મ ન બતાવી હોય તો રૂ. ૨૦૮ના ભાવનો **ઈરોઝ મીડિયા**નો શેર લઈને મૂકી દો. એક પછી એક હિટ ફિલ્મો હવેના મહિનાઓમાં આવવાની છે. ઈરોઝ જોરદાર ચાલશે. રૂ. ૨૦૮વાળા આ શેરમાં નફો મળે અને ફિલ્મની ટિકિટ પણ લઈ શકાય.બજાર ધીરે ધીરે તેના શોર્ટટર્મ ટોપની એકદમ નજીક આવી ગયું છે અને હવે ગમે ત્યારે ભારતીય ઈક્વિટી માર્કેટમાં ૨-૩ મહિનાના કરેક્શનની શરૂઆત ડ્યુ છે અને તેથી એકદમ શોર્ટટર્મ એંગલથી કામ કરતા ઈન્વેસ્ટરોએ ખૂબજ સાવચેત રહેવું જરૂરી છે.

ભારતીય બજારને અસર કરતાં વિવિધ પરીબળોમાં ચૂંટણીના પરિણામો જ એકમાત્ર પરિબળ બાકી રહ્યું છે કે જેને કારણે બજારને મોટી અસર થઈ શકે. મોટા ભાગની ટોચની કંપનીઓના પરિણામો તો આવી ગયા અને ડિમોનેટાઈઝેશનની અસર અમુક કંપનીઓ ઉપર થોડી વધારે તીવ્ર જોવાઈ પરંતુ એકંદરે ડિમોનેટાઈઝેશન પછી જે રીતે ગભરાટ ફેલાયો હતો તેવી ખાસ કોઈ જ અસર કંપનીઓના આંકડાઓ ઉપર નથી જોવાઈ અને કદાચ અમુક કંપનીઓના આંકડા થોડાંક એડજસ્ટ થયેલા હશે તે પણ શક્ય છે. ખાસ કરીને એફએમસીજી કંપનીઓમાં એક તરફ પતંજલિની હરિફાઈની સજ્જડ અસર પડી છે અને સાથે સાથે ડિમોનેટાઈઝેશનની અસર પણ હોઈ શકે. પરંતુ એક પણ એફએમસીજી કંપનીઓમાં ટોપલાઈન અને બોટમલાઈનમાં જો તીવ્ર ઘટાડો નથી દેખાયો તો તે માટે એડજસ્ટમેન્ટ થયું હોય તેમ સ્પષ્ટ રીતે કહી શકાય.

બજેટ પણ આવી ગયું અને તેની પણ જે પોઝિટીવ અસર એકદમ શોર્ટટર્મમાં બજાર ઉપર જોવાવાની હતી તે પણ જોવાઈ ગઈ છે અને રિઝર્વ બેન્કની નાણાંકીય પોલિસી પણ જાહેર થઈ ગઈ. આમ, હવે ભારતીય માર્કેટ માટે કોઈ પોઝિટીવ ટ્રીગર નથી રહ્યું. હવે નવા ચોમાસાની આગાહી શરૂ થશે. પરંતુ તે માટે બીજા ૨ મહિના રાહ જોવી પડશે. સામાન્ય રીતે જૂન આખરમાં ચોમાસું શરૂ થતું હોય તો તેની યોગ્ય આગાહી એપ્રિલના પ્રથમ અઠવાડિયામાં આવતી હોય છે અને તેથી હવેનું જે પોઝિટીવ પરિબળ છે તે ચોમાસાની આગાહીનું છે અને તે માટે રાહ જોવી પડે.

સામે પક્ષે ટેકનિકલ ટ્રેન્ડ ધ્યાનમાં રાખીએ તો બજાર હવે મોટા કરેક્શનમાં દાખલ થવાની તૈયારીમાં છે તેમ તો માર્કેટ રિપોર્ટની શરૂઆતમાં જ દર્શાવ્યું છે અને તેથી આ નકારાત્મક ટ્રેન્ડ વિધાનસભાની ચૂંટણીના પરિણામો અને અમેરિકન પ્રમુખના પગલાંઓને કારણે તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે તંગદિલી વધે તે કારણે શરૂ થઈ શકે.

વિધાનસભાની ચૂંટણીઓની

- **ગ્રાસીમ**, કુમાર મંગલમ બિરલા ગ્રૂપના આ શેરમાં હવે કોઈ પોઝિટીવ સમાચારની ગણતરી. અત્યારે રૂ. ૧૦૦૦ ઉપર આવ્યો છે અને આગામી દિવસોમાં ઝડપથી રૂ. ૧૦૦ના ઉછાળાની જગ્યા.
- **એચડીએફસી**, બજેટ પછી હાઉસિંગ ફિનાન્સના બિઝનેસમાં ખૂબ મજબૂત ઉછાળાની જગ્યા. અનેક ફંડ મેનેજરોએ ખૂબ મોટા પાયે આ શેરમાં રોકાણ કર્યું છે. અત્યારે રૂ. ૧૩૯૨ ઉપર છે અને સામાન્ય રીતે વર્ષોના વર્ષો જાળવવાની રીતે જ આ શેર લેવાય. પરંતુ શોર્ટટર્મમાં પણ રૂ. ૧૦૦ની નોટ આપી જવાની તૈયારી. ઉપરમાં રૂ. ૧૫૦૦ની વાત કરતાં આરએસ.
- **અલ્ટ્રાટેક સિમેન્ટ**, રૂ. ૩૭૬૭ના ભાવે આ શેરમાં જોરદાર આકર્ષણ અને ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેક્ટોને કારણે સિમેન્ટની માંગમાં સુંદર ઉછાળો. કોઈક મોટા ટેકઓવરની પણ તૈયારી. થોડાંક શેરો લઈને મૂકી દેજો અને આવતાં થોડાં અઠવાડિયામાં રૂ. ૪૦૦૦નો ભાવ જોવા મળે તો નવાઈ નહીં લાગે.
- **ભારતી એરટેલ**, હરિફના ખાટલે જ ખોડ છે અને તેથી ફરી પાછો ભારતી એરટેલનો શેર મજબૂતી તરફ. અત્યારે ધીરે ધીરે વધીને રૂ. ૩૫૮ ઉપર તો આવી ગયો અને આગામી દિવસોમાં આ શેરમાં શોર્ટટર્મમાં જ રૂ. ૩૭૦નો ભાવ જોવા મળે.
- **ઝી એન્ટરટેઈન્મેન્ટ**, રૂ. ૫૨૪વાળા આ શેરમાં વધેલું આકર્ષણ. કોઈક કારણસર રાજકીય મોરચો હવે ગરમ થઈ રહ્યો છે અને તેનો ફાયદો ઝી ટેલિફિલ્મ ગ્રૂપને મળી શકશે. થોડાંક શેરો અત્યારના ભાવે લઈને મૂકી દેવાય અને સન ટીવીની જેમ આ શેરમાં પણ શોર્ટટર્મમાં રૂ. ૬૩૦-૬૪૦ના ભાવની સંભાવના મજબૂત.
- **ઈન્ડસઈન્ડ બેન્ક**, કોમર્શિયલ વાહનોના વેચાણો અને બસના વેચાણો ઝડપથી વધ્યા છે. રૂ. ૧૩૪૦ ઉપર આવી ગયેલા આ શેરમાં સુંદર આકર્ષણ. નફાશક્તિમાં એમ પણ મોટો ઉછાળો છે. ૨ મહિનાના એંગલથી વધારે નહીં પણ ૫ કે ૧૦ શેર લઈને મૂકી દેજો અને નજીકના થોડાં અઠવાડિયામાં રૂ. ૧૦૦ની નોટ મળી જવાની જગ્યા.
- **કોટક બેન્ક**, કમાણીની સરખામણીમાં ખૂબજ ઉંચા વેલ્યુએશન ઉપર શેર ચાલી રહ્યો છે. પ્રમોટરોને હોલ્ડિંગ ઘટાડવાની વાત કરી અને તેથી ભાવ ઉંચો લાવે તો જ તેમને વધારે સારા પૈસા મળે ને ? રૂ. ૭૯૩વાળા આ શેરમાં આવતાં થોડાં દિવસોમાં રૂ. ૮૫૦નો ભાવ જોવા મળે તો નવાઈ નહીં લાગે.
- **ભારત પેટ્રોલિયમ**, આ વખતે થોડી લાંબી તેજીની ચાલ રમશે. અત્યારે રૂ. ૭૧૪ ઉપર આવ્યો છે અને નફાનો પણ મજબૂત સપોર્ટ છે. શોર્ટટર્મમાં રૂ. ૫૦ પરંતુ સહેજ જાળવનારને આ શેરમાં રૂ. ૧૦૦ની નોટ મળવાની જગ્યા. થોડાંક શેરો લઈને મૂકી દેજો.
- **એચડીએફસી બેન્ક**, આ શેરમાં પણ કોઈક સારા સમાચારોની તૈયારી જોવાય છે અને ફંડ મેનેજરોએ દાબીને શેરો લીધા છે અને તેથી બજારમાં ફરતો માલ ખૂબ ઓછો. રૂ. ૧૩૧૦ના ભાવે થોડાંક શેરો લઈને મૂકી દેવાય અને આવતાં થોડાં અઠવાડિયામાં રૂ. ૧૪૦૦નો ભાવ બતાવી દે તો નવાઈ નહીં લાગે.
- **ટાટા પાવર**, વર્ષોથી દેશની સૌથી મોટી પાવર કંપનીનું સ્થાન જાળવ્યું છે અને તેથી તે સ્થાન જાળવી રાખવા માટે ફરી વખત સજ્જ. જંગી વિસ્તરણની તૈયારીની સંભાવના જોતાં મુંબઈના ખેલાડીઓ. રૂ. ૮૩ના ભાવે ૧૦૦ શેર લઈને મૂકી દેજો અને શોર્ટટર્મમાં જ રૂ. ૧૦ના ઉછાળાની જગ્યા અને સહેજ જાળવનારને આ શેરમાં રૂ. ૧૦૦નો ભાવ જોવા મળે.
- **લાર્સન એન્ડ ટુબ્રો**, આખરે રૂ. ૧૫૦૦ ઉપર તો આવી ગયો. પરંતુ બજેટનો સૌથી મોટો ફાયદો જો આ કંપનીને મળતો હોય તો તેવો ઉછાળો તો હજી નથી જોવાયો અને તેથી સહેજ જાળવવાની તૈયારી સાથે શેર લેજો. વેલ્યુ અનલોકિંગનો ફાયદો પણ મળ્યો છે અને આગામી દિવસોમાં ધીરે ધીરે રૂ. ૧૫૫૦ અને તે પછી રૂ. ૧૬૦૦ના ભાવની ગણતરી. સહેજ જાળવનારને રૂ. ૧૮૦૦નો ભાવ ફરી વખત બતાવશે.
- **ટીસીએસ**, ટોચની હરિફ કંપનીમાં અત્યારે ભારે મતભેદ અને તેનો ફાયદો ટીસીએસને પણ મળવાનો. દેશની સૌથી મોટી આઈટી કંપની છે એટલે અમેરિકાની વિઝાની પોલિસી સામે નવી વ્યૂહરચના અપનાવશે. રૂ. ૨૪૧૪વાળા આ શેરમાં રોકાણ જાળવી રખાય અને આવતાં થોડાં દિવસોમાં રૂ. ૨૫૧૫ અને તે પછી રૂ. ૨૫૧૬ના ભાવની સંભાવના મજબૂત છે.
- **અદાણી પોર્ટ**, લાંબી રેસનો ઘોડો છે અને રૂ. ૩૦૯ના ભાવે જાળવી રાખવાનો.

## એવન્યુ સુપરમાર્ટ માટે હવે ૮મી માર્ચની તારીખ આવતાં ગ્રે માર્કેટ પ્રિમિયમમાં થોડો ઘટાડો

### *પ્રાઈસબેન્ડ વધવાનો ભય, રોકાણકારો અકળાયા*

રાધાકિશન દામાણીની એવન્યુ સુપર માર્ટમાં છેલ્લાં ઘણાં દિવસોથી જોરદાર ફેન્સી જોવાતી હતી અને જે રીતે આમીરખાનની દંગલ ફિલ્મે બોક્સ ઓફિસના તમામ વિક્રમો તોડ્યા છે તે જ પ્રકારનાં વિક્રમો દામાણીની આ કંપની પણ આઈપીઓ માર્કેટમાં તોડી નાંખે તેવી ગણતરી છે.

છેલ્લાં ઘણાં વર્ષોથી ૧ મહિના પહેલાં ગ્રે માર્કેટમાં કામકાજ શરૂ થઈ ગયું હોય તેવા દાખલા નથી જોવાયા. જ્યારે એવન્યુ સુપરમાર્ટમાં તો છેક ૬ ફેબ્રુઆરીથી ગ્રે માર્કેટમાં કામકાજ શરૂ થઈ ગયેલું અને શરૂઆતના દિવસોમાં રૂ. ૧૨૦-૧૨૫નું પ્રિમિયમ બોલાયેલું અને તે દિવસે કોષ્ટકમાં રૂ. ૧૩૦૦નો ભાવ બોલાતો હતો પરંતુ તે પછીની સેશનોમાં પ્રિમિયમ અને કોષ્ટકના ભાવ ધીરે ધીરે ખૂબજ ઝડપથી વધતા ગયા અને એક તબક્કે તો ગ્રે માર્કેટનું પ્રિમિયમ ૧૩મી ફેબ્રુઆરીએ વધીને રૂ. ૧૭૩-૧૭૬ થઈ ગયેલું અને કોષ્ટકનો ભાવ પણ રૂ. ૧૯૦૦ બોલાતો હતો. પરંતુ ચાણક્યના ફોરમ ઉપર અલગ અલગ શહેરોમાંથી લોકો પોતાના પ્રતિભાવો અને રિપોર્ટિંગ કરે છે અને તે મુજબ સૌરાષ્ટ્રના કેટલાંક શહેરોમાં તો રૂ. ૨૧૦૦નું કોષ્ટક પણ બોલાયું હતું જ્યારે અમુક સેન્ટરોમાં બ્રોકરોએ રૂ. ૧૯૬ના ભાવે પણ પ્રિમિયમના સોદા કર્યા છે.

અગાઉ ૨૨મી ફેબ્રુઆરીએ આઈપીઓ ખૂલશે અને ૨૪મી ફેબ્રુઆરીએ બંધ થશે તેવા સમાચાર અને ટાઈમ ટેબલ આવેલા, પરંતુ તે પછી કોઈક કારણસર આઈપીઓ વિલંબમાં પડ્યો અને હવે ૮મી માર્ચે આઈપીઓ ખૂલે અને ૧૦મી માર્ચે બંધ થાય તેવા સમાચાર આવ્યા છે. પ્રાઈસબેન્ડ તો ઘણાં દિવસોથી રૂ. ૨૯૦-૨૯૯ આવવાની અને ૫૦ના લોટમાં શેર ઓફર થવાની માહિતી છે. પરંતુ જે દિવસથી આઈપીઓ વિલંબમાં પડ્યો અને હવે ૮મી માર્ચની તારીખ આવી છે ત્યારે મુંબઈના કેટલાંક મર્ચંટ બેન્કર સૂત્રો પ્રાઈસબેન્ડ પણ વધારાય તેવો સંકેત આપી રહ્યા છે અને બજારમાં ચાલતી આ વાત મુજબ પ્રાઈસબેન્ડ વધારીને રૂ. ૩૫૦થી રૂ. ૩૫૯ કરાય તે સંભાવના છે. સોમવારે સાંજે આવેલા આ રિપોર્ટ પછી ગ્રે માર્કેટના દેશભરના ખેલાડીઓમાં એક અકળામણ છવાઈ ગઈ હતી.

અગાઉ આઈસીઆઈસીઆઈ પ્રૂડેન્શિયલની મેનેજમેન્ટે પણ આ પ્રકારનો અભિગમ અપનાવેલો. આઈસીઆઈસીઆઈ પ્રૂડેન્શિયલમાં શરૂઆતમાં પ્રાઈસબેન્ડ રૂ. ૨૫૦થી રૂ. ૨૭૦ વચ્ચે આવશે તેવી અપેક્ષા હતી પરંતુ આઈસીઆઈસીઆઈ પ્રૂડેન્શિયલ લાઈફમાં રોકાણકારોની જોરદાર ફેન્સી જોઈને મેનેજમેન્ટે છેક રૂ. ૧૩૪નો પ્રાઈસબેન્ડ નક્કી કરી નાંખ્યો અને તેમ છતાં રોકાણકારોએ મને કમને તે આઈપીઓ ભર્યો હતો. પરંતુ ઉંચા પ્રાઈસબેન્ડને કારણે હાઈ નેટવર્થ ઈન્વેસ્ટરો તો રડ્યા પરંતુ સાથે સાથે રિટેલ ઈન્વેસ્ટરોના પૈસા પણ લગભગ ૩-૪ મહિના બરાબર ફસાઈ ગયા અને હજી પણ કમાવાની જગ્યા ખૂબ નાની રહી છે અને તે મુજબ જ એવન્યુ સુપર માર્ટમાં શરૂઆતની સેશનથી જ ઈન્વેસ્ટરોની જોરદાર ફેન્સી દેખાતા અને ગ્રે માર્કેટમાં જે રીતે શરૂઆતથી જ શેર કવર થતાં હતાં તેને કારણે અને થોડાં દિવસો પહેલાં જ બીએસઈના આઈપીઓમાં રોકાણકારોને ખૂબજ સુંદર નફો મળ્યો હોવાથી જે એક ફેન્સી ઊભી થઈ છે તેનો લાભ લેવા માટે પ્રમોટરો પ્રાઈસબેન્ડ ઉંચો કરી નાંખશે તે ભય છવાયો છે અને પ્રાઈસબેન્ડ વધી જાય તો સ્વાભાવિક છે કે કમાવાની જગ્યા ઘટી જાય. બજારમાં જે રીતની અફવા અને ચર્ચા ચાલી રહી છે તે જોતાં જો રૂ. ૨૯૯ને બદલે રૂ. ૩૫૯નો અપર પ્રાઈસબેન્ડ આવે તો આપણા નફામાંથી તો રૂ. ૬૦ કપાઈ જાય અને તે વાત પાછળ પ્રિમિયમ રૂ. ૧૭૩-૧૭૬થી ઘટીને સોમવારે સાંજે જ રૂ. ૧૫૭-૧૬૦ થયું હતું અને જો બજારની અફવા મુજબ પ્રાઈસબેન્ડ ઉંચો આવે તો ગ્રે માર્કેટ પ્રિમિયમમાં વધારે કડાકો બોલાય તે ભય છે અને કેટલાંક ફોરમ મેમ્બરો અને ગ્રે માર્કેટના ખેલાડીઓ એવન્યુ સુપર માર્ટનું નામ જે દંગલ માર્ટ અપાયું છે તેને બદલે કંગાલ માર્ટ કરી દેવાનું સૂચન પણ કરી રહ્યા છે અને તે જ દર્શાવે છે કે પ્રાઈસબેન્ડ વધારવા સામેનો ઉકળાટ કેટલો બધો છે.

બીએસઈ દ્વારા પ્રમોટ થયેલી સેન્ટ્રલ ડિપોઝિટરી સિક્યોરીટીસ લિમિટેડના ડોક્યુમેન્ટને સેબીએ મંજૂરી આપી દીધી છે અને તેવી જ રીતે મીડિયા કંપની જાગરણ ગ્રૂપના એફએમ રેડીયો યુનિટ મ્યુઝીક બ્રોડકાસ્ટ લિમિટેડના આઈપીઓ ડોક્યુમેન્ટને પણ સેબીએ મંજૂરી આપી છે અને આ બંને કંપનીઓમાં સીડીએસએલના આઈપીઓને રોકાણકારો તરફથી સારો રિસ્પોન્સ મળે તેવી ગણતરી છે.

એસએમઈ આઈપીઓ તરફ હજી પણ ઈન્વેસ્ટરોમાં ભારોભાર આશંકા જળવાઈ રહી છે અને ખાસ કરીને ૧૩મી તારીખે ખૂલેલા ક્રિષ્ણા ફોસ્કેમમાં પ્રથમ નજરે તો ઉદ્યોગના ૨૦ના પીઈ રેશિયો સામે ૧૨ના પીઈ રેશિયો ઉપર શેર ઓફર થયો હોવાથી તેમાં અનેક રોકાણકારોનું આકર્ષણ જોવાયું હતું. પરંતુ પાછળથી કેટલાંક

શાંત ચિત્ત માટે મગજને સતેજ રાખે તેમજ ચિંતા, અકળામણ, ગુસ્સો દૂર કરે તે માટે વૈજ્ઞાનિક ઢબે તૈયાર થતું ક્રોસવર્ડ મેગેઝીન

મગજમારી ભેજામારી

નિવૃત્ત લોકો, ગૃહિણીઓ, બાળકો, ચાલીસીમાં પ્રવેશી ચૂકેલાઓ માટે બેસ્ટ

દર બુધવારે, કોપી બુક કરવો






## DYNAMIC INDUSTRIES LIMITED

CIN : L24110GJ1989PLC011989
Regd Office :Plot No. 5501/2, Phase III, Nr. Trikampura Cross Road, G.I.D.C., Vatva, Ahmedabad - 382 445
Tel : 25897221-22-23, Fax: 25834292
Email : accounts@dynaind.com Website : www.dynaind.com

**Extract of Standalone Unaudited Financial Results for the Quarter ended on 31st December, 2016** (Rs. In Lakhs except earning per share)

| PARTICULARS | Quarter Ended 31.12.2016 | Nine months Ended 31.12.2016 | Corresponding quarter ended in the previous year 31.12.2015 |
|---|---|---|---|
| Total Income from the operations (net) | 1019.78 | 3473.00 | 763.74 |
| Net Profit/(Loss) from ordinary activities after tax | 35.22 | 128.81 | 12.63 |
| Net Profit/(Loss) for the period after Tax (after Extraordinary items) | 35.22 | 128.81 | 12.63 |
| Equity Share Capital | 302.85 | 302.85 | 302.85 |
| Reserves (excluding Revaluation Reserve as per Balance Sheet of previous year) | 1761.80 | 1761.80 | 1652.89 |
| Earning per share (before extraordinary items) (of '10 each) | | | |
| Basic | 1.16 | 4.25 | 0.42 |
| Diluted | 1.16 | 4.25 | 0.42 |
| Earning per share (after extraordinary items) (of '10 each) | | | |
| Basic | 1.16 | 4.25 | 0.42 |
| Diluted | 1.16 | 4.25 | 0.42 |

**Notes:**
1. The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations & Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly Financial Results as on 31st December, 2016 are available on the Stock Exchange website (http://www.bseindia.com/corporates/ann.aspx?scrip=524818%20&dur=A) and on website of the company at (http://www.dynaind.com/investors_zone.html).
2. The above results were reviewed by the Audit Committee and approved by the Board at their meeting held on 14th February, 2017.

For, Dynamic Industries Ltd.
Sd/-
Deepak N. Chokshi
Vice Chairman & Managing Director
DIN : 00536345

Date : 14th February, 2017
Place : Ahmedabad